PGVCL

**પશ્ચિમ ગુજરાત વિજ કંપની લીમીટેડ**

રજી.અને કોર્પોરેટ ઓફીસ, "પશ્ચિમ ગુજરાત વિજ સેવા સદન"નાનામવા મેઈન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ-૩૬૦ ૦૦૪

CIN : U40102GJ2003SGC042908

**વર્તુળ કચેરી, જામનગર**

જુનુ પાવર હાઉસ કમ્પાઉન્ડ ,જે.એમ.સી .બીલ્ડીંગ સામે ,લાલ બંગલા પાસે ,જામનગર-૩૬૧ ૦૦૧

आज़ादी का अमृत महोत्सव

| પત્ર ક્રમાંક : જેસીઓ/આરડીએસએસ/૨૪/૧૮૫૮<br>તારીખ : ૨૬.૦૬.૨૦૨૪ | e-mail : sejmn.pgvcl@gebmail.com<br>website : www.pgvcl.com | ફોન: ડાઇરેકટ: (૦૨૮૮) ૨૫૪૧૮૪૩<br>ટેક: (૦૨૮૮) ૨૫૫૦૩૦૧<br>ફેક્ષ: (૦૨૮૮) ૨૫૫૧૯૧૭ |
|---|---|---|


J.F.O.A. - JAMNAGAR
I/O No. 07/099
DATE 03/07/2024
PRE. SEC. TRE.

પ્રતિ શ્રી,
Jamnagar Factory owner's Association
GIDC - ph-1,
Shankar Tekri, Jamnagar.

**વિષય:** સરકારી કચેરીઓ, Ind/comm./Association તથા રહેણાંક મકાનોમાં સ્માર્ટ મીટર લગાવવા બાબત

**સંદર્ભ:** ભારત સરકાર, ઉર્જા મંત્રાલયનો આદેશ ક્રમાંક ૨૩/૩૫/૨૦૧૯-આર એન્ડ આર, તા: ૧૭.૦૮.૨૦૨૧.

માનનીય સાહેબશ્રી,

જય ભારત સહ ઉપરોકત વિષય અને સંદર્ભ પત્ર અન્વયે જણાવવાનું કે, કેંન્દ્રિય સરકારશ્રી ના ઉર્જા મંત્રાલય, ના ઓફિસ મેમોરેન્ડમ તા. ૧૭.૦૮.૨૦૨૧ દ્વારા નિર્દેશિત સુચનાઓ મુજબ હાલ માં પ્રાયોજિત કરવામાં આવેલ આરડીએસએસ (રી-વેમ્પડ ડિસ્ટ્રિબ્યુશન સેક્ટર સ્કીમ) યોજના હેઠળ નિર્દેશિત સુચનાઓ મુજબ તબક્કાવાર વિવિધ શ્રેણીઓ ના વીજ ગ્રાહકો ના વીજ સ્થાપન માં પ્રસ્થાપિત કરવામાં આવે છે. આમ, સદર યોજના કેન્દ્ર સરકારશ્રી ની નિર્દિષ્ટ હોય, એક સરકારી એકમ તરીકે પ્રાથમિક ફરજ ના ભાગરૂપે સરકારી વિભાગો માં અગ્રતાક્રમાનુસાર સ્માર્ટ વીજ મીટરો પ્રસ્થાપિત કરી, જાહેર જનતા માં ઉત્કૃષ્ઠ ઉદાહરણ પૂરું પાડી શકાય.

સદર યોજનામાં ગ્રાહકલક્ષી ફાયદાઓના અભિગમો, જેવા કે, ઓટોમેટિક અને ચોકસાઈ પૂર્વકનું મીટર રીડીંગ, મોબાઈલ એપ્લીકેશન દ્વારા રોજ રોજના વીજવપરાશની જાણકારી, દૈનિક વીજવપરાશના નિરિક્ષણ અને નિયંત્રક થકી વીજ બચત, જરૂરિયાત મુજબ રિચાર્જની સુવિધા, સિક્યોરિટી ડિપોઝિટની રકમની આખરી લેણાં સાથે સરભર કરવા, ગ્રાહક દ્વારા કરવામાં આવેલ રિચાર્જની માહિતી, હાલની બેલેન્સ રકમની માહિતી, વીજ બિલ ભરવા માટે લાઈનમાં રહેવા માટેની મુક્તિ વેગેરે જેવા ફાયદાઓ થાય છે.

ઉક્ત નોટીફીકેશન માં જણાવ્યા મુજબ માહે ડિસેમ્બેર – ૨૦૨૩ સુધીમાં બ્લોક લેવલ તેમજ તેના ઉપરના સ્તરની તમામ સરકારી કચેરીઓને સ્માર્ટ મીટરથી આવરી લેવાની સુચના આપવામાં આવેલ છે.

જેના અનુસંધાને આપની કચેરીમાં હયાત મીટરના સ્થાને સ્માર્ટ મીટર લાગવામાં આવશે. આથી, આપની તેમજ આપના તાબા હેઠળની કચેરીમાં વીજબીલ માટે રિચાર્જ કરવા માટેની વ્યવસ્થા સુનિશ્ચિત કરવા વિનંતી છે જેથી હયાત મીટરના સ્થાને સરળતાથી સ્માર્ટમીટર બદલવાની કાર્યવાહી થઈ શકે.

છેલ્લા શુદ્ધિકૃત સંસ્કરણ મુજબ પીજીવીસીએલ ની પ્રવર્તમાન પ્રણાલી મુજબ જ, પરંતુ પ્રત્યેક માસ ની પ્રથમ તારીખે વીજ તંત્ર ની સ્માર્ટ મીટર ની સિસ્ટમ દ્વારા વીજ બિલ જનરેટ કરવામાં આવશે. જે ગ્રાહકો દ્વારા મોબાઈલ એપ્લિકેશન દ્વારા ડાઉનલોડ કરી શકશે, આ ઉપરાંત, ગ્રાહકો ના અધિકૃત મોબાઈલ નંબર માં એસ.એમ.એસ. દ્વારા પર જાણ કરવામાં આવશે. તથા ગ્રાહક દ્વારા વીજ બિલના નાણાં નું ચુકવણું કરવા માટે હાલ ના નિયમો મુજબ જ દિવસ - ૧૦ (દસ) નો ગ્રેસ પિરિયડ પણ આપવામાં આવશે. આથી, સંલગ્ન પેટા વિભાગીય કચેરી ના અધિકારીશ્રી દ્વારા વીજ બિલના નાણાં નું ચુકવણું કરવા માટે સુચારું રીતે પુર્વ-આયોજન કરી શકાશે. જેથી સ્માર્ટ મીટર એજન્સી દ્વારા હાલ નું મીટર બદલી નવું સ્માર્ટ મીટર પ્રસ્થાપિત કરવામાં આવશે જે સમગ્ર પ્રક્રિયા માં સહકાર આપવા વિનંતી છે.

આમ, સદર યોજના અંગે આપની તથા આપના તાબા હેઠળ ની સંલગ્ન કચેરીઓ ને યોગ્ય નિર્દેશ કરવા નમ્ર વિનંતી.

સદર બાબત આપની સુયોગ્ય જાણ અર્થે તેમજ સહકારની અપેક્ષા સહ... આભાર.

અધિક્ષક ઇજનેર,
પીજીવીસીએલ, વર્તુળ કચેરી,
જામનગર.

E:\PGVCL\D\Darshak Pandya\Smart Meter Awareness Letter.doc

रजिस्ट्री सं. डी.एल.- 33004/99

REGD. No. D. L.-33004/99

सत्यमेव जयते

# भारत का राजपत्र
# The Gazette of India

सी.जी.-डी.एल.-अ.-19082021-229126
xxxGIDHxxx
CG-DL-E-19082021-229126
xxxGIDExxx

असाधारण
EXTRAORDINARY

भाग I—खण्ड 1
PART I—Section 1

प्राधिकार से प्रकाशित
PUBLISHED BY AUTHORITY

सं. 230] नई दिल्ली, बृहस्पतिवार, अगस्त 19, 2021/श्रावण 28, 1943

No. 230] NEW DELHI, THURSDAY, AUGUST 19, 2021/SRAVANA 28, 1943

## विद्युत मंत्रालय

## अधिसूचना

नई दिल्ली, 17 अगस्त, 2021

**फा.सं. 23/35/2019-आरएण्डआर.**—विद्युत अधिनियम, 2003 की धारा 177 की उप धारा (2) के खंड (ग) के साथ पठित धारा 55 की उप धारा (1) के अंतर्गत बनाए गए केंद्रीय विद्युत प्राधिकरण (मीटरों का अधिष्ठापन और प्रचालन) (संशोधन) विनियम, 2019 के खंड 4(1)(ख) के प्रावधानों के अनुसरण में, केंद्र सरकार एतदद्वारा मौजूदा मीटरों को पूर्व भुगतान सुविधा वाले स्मार्ट मीटरों से प्रतिस्थापित करने के लिए निम्नलिखित समय-सीमा अधिसूचित करती है:

1. संचार नेटवर्क युक्त क्षेत्रों के सभी उपभोक्ताओं (कृषि उपभोक्ताओं को छोड़कर) को, नीचे विनिर्दिष्ट समय-सीमा के भीतर, पूर्व भुगतान मोड में कार्य कर रहे स्मार्ट मीटरों से विद्युत की आपूर्ति, प्रासंगिक आईएस के अनुरूप, की जाएगी:

   (i) सभी संघ राज्य क्षेत्रों, वित्तीय वर्ष 2019-20 में 15% से अधिक एटी एंड सी हानियों के साथ शहरी क्षेत्रों में 50% अधिक से उपभोक्ता वाले विद्युत मंडलों, वित्तीय वर्ष 2019-20 में 25% से अधिक एटी एंड सी हानियों वाले अन्य विद्युत मंडलों, ब्लॉक स्तर या उससे ऊपर के सभी सरकारी कार्यालयों और सभी औद्योगिक तथा वाणिज्यिक उपभोक्ताओं को दिसंबर, 2023 तक पूर्व भुगतान मोड वाले स्मार्ट मीटरों से मीटरीकृत किया जाएगा:

परंतु कि राज्य विनियामक आयोग, अधिसूचना के माध्यम से, उस अधिसूचना में यथा विनिर्दिष्टित उपभोक्ताओं के एक वर्ग या वर्गों के लिए या ऐसे क्षेत्रों के लिए कारण बताते हुए, कार्यान्वयन की उक्त अवधि को केवल दो बार, लेकिन एक बार में छह माह से अधिक बढ़ाया नहीं बढ़ा सकेगा।

(ii) अन्य सभी क्षेत्रों को मार्च, 2025 तक पूर्व भुगतान मोड वाले स्मार्ट मीटरों से मीटरीकृत किया जाएगा:

परंतु कि ऐसे क्षेत्रों में जहां संचार नेटवर्क उपलब्ध नहीं हैं, संबंधित राज्य विद्युत विनियामक आयोग द्वारा, प्रासंगिक आईएस के अनुरूप, पूर्व भुगतान मीटरों के अधिष्ठापन की अनुमति दी जा सकेगी:

(iii) सभी उपभोक्ता कनेक्शनों, जिनकी वर्तमान वहन क्षमता प्रासंगिक आई एस में विनिर्दिष्ट क्षमता से अधिक है, को ऐसे मीटर उपलब्ध कराए जाएंगे जो एएमआर सुविधा युक्त स्मार्ट मीटर हैं।

2. सभी फीडरों और वितरण ट्रांस्फार्मरों (डीटीज) को नीचे विनिर्दिष्ट समय-सीमा के अनुसार एएमआर सुविधा युक्त या एएमआई के अंतर्गत शामिल मीटर उपलब्ध कराए जाएंगे:

(i) सभी फीडरों को दिसंबर, 2022 तक मीटरीकृत कर दिया जाएगा।

(ii) वित्तीय वर्ष 2019-20 में 15% से अधिक एटी एंड सी हानियों वाले शहरी क्षेत्रों में 50% से अधिक उपभोक्ता वाले विद्युत मंडलों और वित्तीय वर्ष 2019-20 में 25% से अधिक एटी एंड सी हानियों वाले सभी अन्य विद्युत मंडलों में सभी डीटीज को दिसंबर, 2023 तक मीटरीकृत किया जाएगा।

(iii) उपरोक्त (ii) में उल्लिखित क्षेत्रों के अतिरिक्त अन्य सभी डीटीज को मार्च, 2025 तक मीटरीकृत किया जाएगा।

(iv) 25 केवीए से कम क्षमता वाले डीटीज और एचवीडीएस ट्रांसफार्मरों को उपरोक्त समय-सीमा से बाहर रखा जाएगा।

3. यह अधिसूचना भारत के राजपत्र में प्रकाशित होने की तारीख से प्रभावी होगी।

घनश्याम प्रसाद, संयुक्त सचिव

**MINISTRY OF POWER**

**NOTIFICATION**

New Delhi, the 17th August, 2021

**F.No. 23/35/2019-R&R.**—In pursuance to the provisions made in clause 4(1) (b) of the Central Electricity Authority (Installation and Operation of Meters) (Amendment) Regulations, 2019 framed under sub-section (1) of section 55 read with clause(c) of sub-section (2) of section 177 of the Electricity Act, 2003, the Central Government hereby notifies the following timelines for the replacement of existing meters with smart meters with prepayment feature:

1. All consumers (other than agricultural consumers) in areas with communication network, shall be supplied electricity with Smart Meters working in prepayment mode, conforming to relevant IS, within the timelines specified below:

(i) All Union Territories, electrical divisions having more than 50% consumers in urban areas with AT&C losses more than 15% in financial year 2019-20, other electrical divisions with AT&C losses more than 25% in financial year 2019-20, all Government offices at Block level and above, and all industrial and commercial consumers, shall be metered with smart meters with prepayment mode by December, 2023:

Provided that the State Regulatory Commission may, by notification, extend the said period of implementation, giving reasons to do so, only twice but not more than six months at a time, for a class or classes of consumers or for such areas as may be specified in that notification;

(ii) All other areas shall be metered with smart meters with prepayment mode by March, 2025:

Provided that in areas which do not have communication network, installation of prepayment meters, conforming to relevant IS, may be allowed by the respective State Electricity Regulatory Commission:

(iii) All consumer connections having current carrying capacity beyond that specified in relevant IS, may be provided with meters with smart meters having AMR facility.

2. All feeders and distribution transformers (DTs) shall be provided with meters having AMR facility or covered under AMI, as per the timelines specified below:

(i) All feeders shall be metered by December, 2022.

(ii) All DTs in electrical divisions having more than 50% consumers in urban areas with AT&C losses more than 15% in financial year 2019-20, and in all other electrical divisions with AT&C losses more than 25% in financial year 2019-20, shall be metered by December, 2023.

(iii) All DTs in areas other than those mentioned in (ii) above, shall be metered by March, 2025.

(iv) DTs and HVDS transformers having capacity less than 25 kVA may be excluded from the above timelines.

3. This notification shall be effective from the date of publishing in the Gazette of India.

GHANSHYAM PRASAD, Jt. Secy.

Uploaded by Dte. of Printing at Government of India Press, Ring Road, Mayapuri, New Delhi-110064
and Published by the Controller of Publications, Delhi-110054.

# :: પ્રેસ નોટ ::

22/05/2024

ગુજરાતની વીજ વિતરણ કંપનીઓ દ્વારા ગ્રાહકોના ઘરે સ્માર્ટ મીટર લગાડવામાં આવેલ છે જે અંગે છેલ્લા કેટલાક સમયથી વિવિધ સમાચાર પત્રો અને મીડિયાના અન્ય માધ્યમોમાં અલગ-અલગ પ્રકારના દાવાઓ રજૂ થયેલ છે જે અન્વયે નીચે મુજબની વિગત રજૂ કરવામાં આવે છે.

ગુજરાતની વીજ વિતરણ કંપની દ્વારા તમામ પ્રકારની પ્રક્રિયા પૂર્ણ કરી જાન્યુઆરી ૨૦૨૪માં સ્માર્ટ મીટર લગાવવાની શરૂઆત કરવામાં આવેલ હતી. છેલ્લા ત્રણ મહિનામાં MGVCL માં ૨૭૭૦૦, DGVCL માં ૧૧૮૦૦, PGVCL માં ૭૦૦૦ અને UGVCL માં ૧૦૦૦ થી વધુ સ્માર્ટ મીટર લગાવવામાં આવેલ છે. સ્માર્ટ મીટર લગાવ્યા પહેલા જે-તે ક્ષેત્રમાં આ બાબત વિષેની જાણકારી આપવામાં આવેલ હતી.

સ્માર્ટ મીટર બાબતે લોકોમાં કદાચ પૂરતી જાણકારીના અભાવે સંશય પેદા થયેલ છે. જૂનું મીટર બદલી સ્માર્ટ મીટર લગાડવામાં આવે ત્યારે છેલ્લા બિલના રીડિંગથી જૂના મીટર બદલવાના સમયે નોંધાયેલા રીડિંગ વચ્ચેના તફાવતના આધારે ગ્રાહકના વીજ વપરાશનું બિલ એક સાથે ગ્રાહક પાસેથી લેવાના બદલે તેની સામે સિક્યુરિટી ડિપોઝીટની રકમ એડજસ્ટ કરીને ફાઇનલ આઉટસ્ટેન્ડિંગ એમાઉન્ટ (FOA) ની ગણતરી કરી તેને મહતમ છ મહિનામાં વસૂલ કરી શકાય તે રીતે દૈનિક રકમ ગ્રાહકના ખાતામાથી ઉધારવાની જોગવાઈ કરવામાં આવેલ હતી. સ્માર્ટ મીટર ધારકોના બેલેન્સમાથી દૈનિક વીજ વપરાશના ચાર્જ ઉપરાંત આ જૂના વપરાશના બિલની રકમ પણ ઉધારવામાં આવતી હોવાથી સ્માર્ટ મીટર ગ્રાહકને વીજબિલ વધુ આવતું હોવાની ગેરસમજ ઊભી થયેલ છે.

વધુમાં દૈનિક વીજ વપરાશના ચાર્જની ગણતરી પણ ગ્રાહકના વીજ વપરાશ મુજબ વિવિધ સ્લેબ મુજબ થતી હોવાથી સ્લેબ બદલાતા ચાર્જની ગણતરી બદલાતી હોવાથી પણ આ પ્રકારની ગેરસમજ ઊભી થયેલ છે. આ પ્રકારના તમામ દાવાઓની વીજ વિતરણ કંપની દ્વારા ચકાસણી કરવામાં આવી છે અને તમામ કિસ્સામાં ચાર્જની ગણતરી વીજ વપરાશ મુજબ જ થયેલ છે. આથી ગ્રાહક પાસેથી વધુ ચાર્જ વસૂલાતો હોવાના દાવાઓમાં તથ્ય નથી. પરંતુ ચાર્જની ગણતરી વિશે માહિતી ન હોવાથી આ પ્રકારનો સંશય પેદા થયેલ છે.

ગ્રાહકના ખાતામાં ચાર્જ બેલેન્સ માઇનસ ૩૦૦ થી નીચે જવાના કિસ્સામાં ડિસ્કનેક્શન કરવામાં આવેલ હતું. મોટા ભાગના કિસ્સાઓમાં રીચાર્જ કર્યા બાદ ગ્રાહકના એકાઉન્ટ રિકનેસ્ક્સન તેની નિયત સમય મર્યાદામાં થયેલ છે. વધુમાં ડિસ્કનેક્શનની કામગીરી કામકાજના દિવસોમાં કચેરી સમય દરમિયાન જ કરવામાં આવેલ છે. રજાના દિવસોમાં કે કચેરી સમયના બાદના કલાકોમાં કોઈપણ ડિસ્કનેક્શન કરવામાં આવેલ નથી. જેનો તમામ રેકોર્ડ સિસ્ટમમાં મોજૂદ છે. તેથી રાત્રે કે વહેલી સવારે ડિસ્કનેક્શન કરવામાં આવેલ હોવાના દાવાઓ તથ્ય નથી.

કેટલાક ગ્રાહકો દ્વારા સ્માર્ટ મીટરમાં વીજ વપરાશ વધુ હોવાની ફરિયાદ કે દાવાઓ કરવામાં આવેલ છે. સ્માર્ટ મીટર એ અન્ય મીટરની જેમ જ તમામ પ્રકારના ટેસ્ટ અને એક્યુરેસી ચેક પછી જ લગાવવામાં આવેલ છે. વધુમાં સ્માર્ટ મીટર ઇન્ડિયન સ્ટાન્ડર્ડ પ્રમાણેના સ્પેસિફિકેશન ધરાવે છે અને તે સામાન્ય મીટર મુજબ જ વીજ વપરાશની નોંધણી કરે છે. વધુમાં ચેક મીટર દ્વારા કેટલાક ગ્રાહકોમાં સ્માર્ટ મીટર અને ચેક મીટરમાં વીજ વપરાશની સરખામણી કરવામાં આવેલ છે અને બંનેમાં સમાન વીજ વપરાશ નોંધાયેલ છે. આમ સ્માર્ટ મીટરમાં વધુ વીજ વપરાશના દાવાઓમાં તથ્ય નથી.

આમ, ગ્રાહકોમાં બિલની ગણતરી અંગે જે ગેરસમજો ઊભી થયેલ છે તે નિવારવા તેમજ અન્ય માધ્યમોમાથી મળેલ વિવિધ સૂચનોને ધ્યાને લઈ સ્માર્ટ મીટરને સંલગ્ન બાબતો સરળ બનાવવા નીચે મુજબની પધ્ધતિ અપનાવવાનું નક્કી કરવામાં આવે છે.

૧. સ્માર્ટ મીટર ગ્રાહકો પૈકી જે ગ્રાહકો સ્માર્ટ મીટરની સાથે ચેક મીટર લગાડવા ઇચ્છુક હશે તે ગ્રાહકોના ઘરે ચેક મીટર લગાડવામાં આવશે જેથી બંને મીટરનો વપરાશ સરખાવી શકાય.

૨. સ્માર્ટ મીટર ગ્રાહકો દૈનિક વીજ વપરાશના યુનિટ પોતાની મોબાઇલ એપ્લીકેશન પર જોઈ શકશે.

૩. સ્માર્ટ મીટર ધારકને રજિસ્ટર્ડ મોબાઇલ નંબર અને પોતાની સ્માર્ટ મીટરની મોબાઇલ એપ્લીકેશન પર માસિક બીલ આપવામાં આવશે જેની ચુકવણી માટે હાલ ની સામાન્ય બિલ પ્રક્રીયા મુજબ નિયત સમય આપવામાં આવશે. જે સ્માર્ટ મીટર ધારકનું રીચાર્જ મહિના દરમિયાન નેગેટિવ બેલેન્સમાં હશે તો પણ તેને "ડિસ્કનેકશન" કરવામાં આવશે નહિ.અને નિયત સમયગાળામાં બિલ ભરપાઈ ન કરવામાં આવે તે કિસ્સામાં હાલની સામાન્ય બિલ પ્રક્રિયા મુજબ કાર્યવાહી કરવામાં આવશે.